بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.27-01-2017 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

પાછલા ખુત્બામાં મેં નમાઝોનું મહત્વ અને તેની અદાયગી તરફ ધ્યાન અપાવ્યું હતું. કેટલાક લોકોના મને વ્યકિતગત પત્રો આવ્યા અને પોતાની આળસ પર લજ્જિત થયા. અનેક સ્થાનોથી જમાઅતી નિજામ તથા જૈલી તન્જીમોના પત્ર આવ્યા કે નિ:સંદેહ આ કામમાં આળસ છે અને ભવિષ્યમાં આ તરફ ધ્યાન અપાવવાની મજબૂત યોજના બનાવી રહ્યા છીએ તથા આ પણ કે ઈન્શા અલ્લાહ ભવિષ્યમાં ખુબ પ્રયાસ કરીશું કે આળસ દૂર થાય અલ્લાહ તઆલા આ તમામને આનો સામર્થ્ય આપે અને આપણી મસ્જીદો વાસ્તવમાં આબાદીના ભરપુર દૃશ્ય પેશ કરનાર હોય પરંતુ વ્યવસ્થા કર્તાઓએ હંમેશા યાદ રાખવું જોઈએ કે પ્રતયેક કામના ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા માટે સારો સ્વભાવ જરૂરી છે શરૂઆતમાં તો આપણામાંથી અમુક એવા છે કે જે ખુબ ઉત્સાહ પૂર્વક કાર્ય શરૂ કરે છે પરંતુ થોડા સમય બાદ આળસ પૈદા થવી શરૂ થઈ જાય છે આ માનવ પ્રકૃતિ પણ છે કે લોકોમાં આળસ પેદા થવું એટલા ભયાનક પરિણામ પૈદા નથી કરતો પરંતુ આ પણ ચિંતાજનક વાત છે પરંતુ નિઝામમાં આળસ પૈદા થવી અત્યંત ભયાનક વાત છે જો લોકોને ધ્યાન અપાવનાર નિઝામ જ આળસુ થઈ જાય અથવા પોતાના કામમાં અરૂચિ અભિવ્યકત કરવા લાગે તો લોકોનો સુધાર પણ મુશ્કેલ થઈ જાય છે

ઝૈલી તન્ઝીમો પણ તથા જમાઅતી નિઝામ પણ પોતાના કામ તથા વિશેષ રૂપમાં તે કામ જેને અલ્લાહ તઆલાએ જીવનનો ઉદ્દેશ ઘોષિત કર્યો છે તેના માટે એવી યોજના બનાવે કે સમય સાથે આળસ તથા કમજોરી વગર પ્રત્યેક દિવસ પ્રગતિ તરફ લઈ જનાર થાય આપણી ઈબાદતોની પ્રગતિ જ આપણને સફળતા અપાવનાર છે. માટે આ ખુબ મહત્વ પૂર્ણ વસ્તુ છે સંપૂર્ણ નિઝામએ આ વિશે ગંભીર થવાની જરૂર છે. લજના ઈમાઉલ્લાહની પણ આ બાબતે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. બાળકોની નમાઝો પ્રત્યે ઘરોમાં નિગરાની કરવી જોઈએ તથા તેમને નમાઝોની આદત નાખવા તથા પુરૂષો તથા યુવાનોને મસ્જીદોમાં જવા માટે નિરંતર ધ્યાન અપાવતા રહેવું આ મહીલાઓનું કામ છે જો મહીલાઓ પોતાની ભૂમિકાઓ નિભાવે તો બહૂમૂલ્ય પરિવર્તન આવી શકે છે. આ જ રીતે હું અહીયા એવા લોકોની વાતને પણ ઠીક કરવા ચાહું છું જે આ કહે છે કે અમને નમાઝો વિશે કંઈ ન કહેશો ન કંઈ પુછો કેમ કે આ અમારો અને ખુદાનો મામલો છે અનેક મહીલાઓની ફરીયાદો આવે છે કે જો અમે પોતાના પતિઓને ધ્યાન અપાવીએ તો તે લડવા તૈયાર થઈ જાય છે એવા લોકોને હું કહું છું કે નિ:સંદેહ આ ખુદા અને બંદાનો મામલો છે પરંતુ ધ્યાન અપાવવું અને પુછવું નિઝામે જમાઅતનું કામ છે. તેવી જ રીતે પત્નિઓનું પણ કામ છે બલ્કે તેમનું કર્તવ્ય છે. આંહઝરત [સ.અ.વ.]એ પતિ પત્નિ બંનેને આ ઉપદેશ આપ્યો છે કે જે નમાઝ માટે પહેલા જાગે તે બીજાને નમાઝ માટે જગાડે અને જો ન જાગે અથવા આળસ દેખાડે તો પાણીના છાટા નાખે માટે આ વિચાર ખોટી છે કે અમે આ મામલામાં સ્વતંત્ર છીએ, અમારો અને ખુદાનો મામલો છે. જે નિઝામ સાથે પોતાને જોડે છે જો તે પોતાની જમાઅતનો નિરીક્ષણ કરવા માટે નમાઝોની અદાયગી વિશે પુછે છે તો ચુડવું અને ક્રોધિત થયા વગર સહયોગ કરવો જોઈએ આ રીતે પ્રત્યેકે નમાઝોના મહત્વનો આભાસ હોવો જોઈએ તથા ખુબ વ્યવસ્થાપૂર્વક અલ્લાહ તઆલા અને તેના રસૂલ [સ.અ.વ.]ના આદેશ અનુસાર અમલ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

આ તરફ ધ્યાન અપાવ્યા પછી હવે હું નમાઝોના વિષયમાં અનુક વાતો હઝરત મસીહ મૌઉદ[અ.સ.] ના હવાલાથી પેશ કરીશ જે સાધારણ રીતે ફિક્હી વાતોથી સંબંધ રાખે છે આ વાતોમાંથી એક વાત રફાયદૈન અર્થાત નમાઝોની પ્રત્યેક તકબીર પર તથા પ્રત્યેક હરકત પર હાથ ઉઠાવવો ઉપર કાનોથી લગાવવું. રફયદૈન વિશે આપે ફરમાવ્યું કે આમા કોઈ બૂરાઈ નથી ચાહે કોઈ કરે અથવા ન કરે. હદીસોમાં પણ આનું વર્ણન બંને રૂપમાં આવ્યું છે એવું લાગે છે કે રસૂલસ.અ.વ.એ પહેલા રફયદૈન કર્યો છે અને પછી કરવું છોડી દીધું.

સાહેબઝાદા હઝરત મિરઝા બસીર અહેમદ સાહેબ લખે છે કે મારાથી મિયાં અબ્દુલ્લાહ સાહેન સનોરી રઝીએ બયાન કર્યુ કે પહેલા હું ઈમામોનુ અનુસરણ ન કરનાર હતો તથા રફયદૈન તથા આમીન બિલજહર અર્થાત જોરથી આમીન કહેવું પર ખુબ પાબંદ હતો અને હઝરત સાહેબથી મુલાકાત પછી પણ મેં આ જ રીત લાંબા સમય સુધી જારી રાખી એક અવધિ પછી એક મેં હઝરત મસીહ મૌઉદ[અ.સ.] ની પાછળ નમાઝ પઢી તો નમાઝ બાદ આપે મને હંસતા ફરમાવ્યું કે મિયાં અબ્દુલ્લાહ હવે તો આ સુન્નતનો ખુબ અનુસરણ થઈ ગયું છે અને સંકેત રફયદૈન તરફ હતો અર્થાત મિયાં અબ્દુલ્લાહ સાહેબ કહે છે કે તે દિવસથી મેં રફયદૈન કરવું છોડી દીધું બલ્કે આમીનને પણ ઊંચી અવાજથી કહેવુ પણ છોડી દીધું અને

મિયાં અબ્દુલ્લાહ સાહેબ બયાન કરતા ફરમાવે છે કે મેં હઝરત સાહેબને કદાપી રફયદૈન કરતા અથવા આમીન બિલજહર કહેતા નથી સાંભળ્યા અને ન કદાપી બિસ્મીલ્લાહને ઊચા અવાજ સાથે પઢતા સાંભળ્યા. મિરઝા બસીર અહેમદ સાહેબ ફરમાવે છે કે મારૂ કહેવું છે કે હઝરત મસીહ મૌઉદ[અ.સ.] નો તે જ તરીકો હતો જે મિયાં અબ્દુલ્લાહ સાહેબે બયાન કર્યો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે પરંતુ આપણે અહેમદીઓમાં હઝરત મસીહ મૌઉદ[અ.સ.] ના યુગમાં પણ અને આપના પછી આજ દિન સુધી આ જ તરીકો રહ્યો છે કે આ વાતોમાં કોઈ એક બીજા પર આપત્તિ નથી કરતો. કેટલાક લોકો આમીન બિજહર કરે છે ઊચા અવાજે કહી દે છે અમુક નથી કહેતા. કેટલાક લોકો રફયદૈન કરે છે અને અધિકતર લોકો નથી કરતા તથા હવે તો બિલકુલ નથી કરવામાં આવતો માત્ર તે લોકોને છોડીને જે બિલકુલ નવા આવનાર છે તથા તેના આદતી છે અને તે પણ ધીરે ધીરે છોડી દે છે.

પછી એક સવાલ થાય છે કે નમાઝમાં હાથ બાંધીને ઊભો થાય છે ઈન્સાન કયામમાં તો તે સમયે હાથ કયા બાંધવામાં આવે. હઝરત સાહેબઝાદા મિરઝા બસીર અહેમદ સાહેબ લખે છે કે મારાથી મોલ્વી સૈયદ મુહમ્મદ સરવર શાહ સાહેબે બયાન કર્યુ કે એક વાર હઝરત ખલીફા પ્રથમ પાસે કોઈનો પત્ર આવ્યો કેમ કે અમુક લોકો નાફ નીચે હાથ બાંધે છે અમુક વચ્ચે રાખે છે અને અમુક ઊપર રાખે છે તો નમાઝમાં નાફથી ઊપર હાથ બાંધવા બાબતે કોઈ હદીસ પણ મળે છે હઝરત મોલ્વી સાહેબે આ પત્ર હઝરત મસીહ મૌઊદ[અ.સ.] સમક્ષ પેશ કર્યો અને નિવેદન કર્યુ કે આ વિશે જે હદીસો મળે છે તે સમીક્ષાથી વંચિત નથી. હઝરત મસીહ મૌઉદ[અ.સ.] એ ફરમાવ્યું કે મોલ્વી સાહેબ આપ શોધો જરૂર મળી જશે. હઝરત મસીહ મૌઉદ[અ.સ.] ફરમાવે છે કે આરંભીક આયુમાં પણ અમારી આસ પાસ તમામ હન્ફી હતા મને નાફ નીચે હાથ બાંધવું કદાપી પસંદ ન આવ્યું બલ્કે સ્વભાવનો ઝુકાવ હંમેશા હાથ નાફ ઉપર બાંધવાનો રહ્યો છે તથા અમોએ ઘણી વાર જોયું છે કે જે વાત તરફ અમારા સ્વભાવનો ઝુકાવ હોય તે વાત ખોજવાથી હદીસો અવશ્ય નિકળી આવે છે. આપે ખલીફા અવ્વલને ફરમાવ્યું કે આપ શોધો અવશ્ય હદીસ મળી જશે કેમ કે મારો ઝુકાવ જે તરફ છે સાધારણ રીતે મેં જોયું છે કે હદીસો આ વિશે મળી જાય છે. મોલ્વી સરવર સાહેબ બયાન કરે છે કે આના પર મોલ્વી સાહેબ ગયા કે અડધો કલાક પણ ન થયો હતો કે ખુશી ખુશી એક કિતાબ હાથમાં લઈને આવ્યા અને હઝરત સાહેબને સૂચના આપી કે હુઝુર હદીસ મળી ગઈ છે તથા હદીસ પણ એવી છે કે જે ઈસ્લામના વિદ્વાનો અનુસાર ઉચ્ચસ્તરીય છે અર્થાત આના પર હઝરત અબૂબકર અને હઝરત ઉમર બંને સહમત છે જેના પર કોઈ વિરોધાભાસ નથી.

એક વ્યકિતએ સવાલ કર્યો કે અત્તહિયાતના સમયે સહાદતની આંગળી કેમ ઉઠાવીએ છીએ? તો આપે ફરમાવ્યું કે લોકો ઈસ્લામ પૂર્વના યુગમાં ગાળો માટે આંગળી ઉઠાવતા હતા એટલા માટે તેને સબાબા કહે છે અર્થાત ગાળ આપનાર આંગળી. ખુદા તઆલાએ અરબનો સુધાર કર્યો તથા તે પ્રવૃત્તિ હટાવીને ફરમાવ્યું કે ખુદાને વાહીદ લાશરીક કહેતા આંગળી ઉઠાવો જેથી તેના દ્વારા તે જુનો દોષ મટી જાય અર્થાત તેનો જે ખોટું નામ રાખવામાં આવ્યું છે ગાળો આપનાર આંગળી, આ ગાળ આપનાર આંગળી ન રહે બલ્કે શહાદતની આંગળી બની જાય તેવી જ રીતે અરબના લોકો પાંચ સમય દારૂ પીતા હતા તેના બદલે પાંચ સમયની નમાઝ રાખી.

એક વાર રૂકુ તથા સજદામાં કુરઆની દુઆ કરવા વિશે મોલ્વી અબ્દુલ કાદિર લુધિયાનવીએ સવાલ કર્યો કે રૂકુ અને સજદામાં કુરઆની દુઆ પઢવું કેવું છે. આપે ફરમાવ્યું કે સજદો અને રૂકુ વિનયતાની મુદ્રા છે અને ખુદા તઆલાનો કલામ મહાનતાનો ચાહે છે, તે વગર હદીસોમાં કયાયથી પણ સાબિત નથી કે આંહઝરત [સ.અ.વ.]એ કદાપી રૂકુ તથા સજદામાં કોઈ કુરઆની દુઆ પઢી હોય.

પછી ખલીફતુલ મસીહ સાની રઝીથી કોઈએ સવાલ કર્યો કે સજદામાં કુરઆની દુઆ પઢવું કેમ ઉચિત નથી જ્યારે કે સજદો અત્યંત વિનયતાની મુદ્રા છે? આપે ફરમાવ્યું કે મારી તો આ જ આસ્થા રહી છે કે સજદામાં દુઆઓ પઢવું ઉચિત છે પરંતુ બાદમાં હઝરત મસીહ મૌઊદ[અ.સ.] નો એક એવો હવાલો મળ્યો જેમાં આપે સજદાની અવસ્થામાં કુરઆની દુઆઓ પઢવું અનુચિત ફરમાવ્યું છે તેવી જ રીતે મસ્નદ અહમદ બિન હંબલમાં પણ આ વિષય પર એક હદીસ મળી ગઈ જ્યારે રસૂલ [સ.અ.વ.] તથા હઝરત મસીહ મૌઊદ[અ.સ.] થી એક વાત મળી ગઈ તો તેના વિપરિત માર્ગ આપનાવવું ઉચિત નથી બલ્કે તે અમારી બુદ્ધિમાં ન સમાએ અમોએ તો આદેશ અનુસાર અનુસરણ કરવું છે.

આ વાતનું વર્ણન થયું કે જે વ્યકિત નમાઝમાં આવીને રૂકુમાં સામેલ હોય તેની રકઅત થાય છે કે નહી? હઝરત અકદસએ ફરમાવ્યું કે અમારો તરીકો તો આ જ છે કે લા સલાતા ઈલ્લા બિફાતિહતિલ કિતાબ અર્થાત મનુષ્ય ઈમામની પાછળ હોય અથવા એકલો હોય પ્રત્યેક દશામાં તેણે સૂરહ ફાતેહા પઢે, પરંતું ઈમામએ ધીરે ધીરે પઢે જેથી પાછળનો

નમાઝી સાંભળી પણ લે તથા પોતાની પઢી પણ લે અથવા પ્રત્યેક આયત બાદ ઈમામ એટલો ઠહેરી જાય કે પાછળ નમાઝ પઢનાર પણ આ આયતને પઢી લે. માટે નમાઝી માટે એટલો સમય હોવો જોઈએ કે તે સાંભળી પણ લે અને પોતાની પઢી પણ લે. સૂરહ ફાતેહાનું પઢવું અનિવાર્ય છે કેમકે તે કુરઆનનો સાર છે પરંતુ જે વ્યકિત પોતાના પ્રયાસ છતાં, જે તે નમાઝમાં સામેલ થવા માટે કરે છે, રૂકુના અંતમાં આવીને મળે છે અને તેનાથી પહેલા નથી મળી શકયો તો તેની રકઅત થઈ ગઈ બલ્કે તેણે સૂરહ ફાતેહા નથી પઢી કેમ કે હદીસ શરીફમાં આવે છે કે જેણે રૂકુને મેળવી લીધો તેની રકઅત થઈ ગઈ. હાં જે વ્યકિત જાણી જોઈને આળસ રાખે છે તથા જમાઅત સાથે સામેલ થવામાં દેર કરે છે તો તેની નમાઝ જ વ્યર્થ છે.

એક વ્યકિતએ સવાલ કર્યો કે જે વ્યકિત ઈમામ પાછળ નમાઝમાં અલ હમ્દો ન પઢે તો શું તેની નમાઝ થાય છે કે નહી? હઝરત અકદસ[અ.સ.] એ ફરમાવ્યું કે આ સવાલ ન કરવો જોઈએ કે નમાઝ થાય છે કે નહી બલ્કે આ સવાલ કરવો જોઈએ કે ઈમામની પાછળ અલ હમ્દો પઢવી જોઈએ કે નહી. અમો કહીએ છીએ કે અવશ્ય પઢવી જોઈએ થવી ન થવી તો ખુદાને માલૂમ છે. હનફી નથી પઢતા અને હઝારો ઔલીયા હનફી તરીકાઓના પાબંદ હતા તથા ઈમામની પાછળ અલ હમ્દો ન પઢતા હતા જો તેમની નમાઝ ન થતી તો તેઓ ઔલીયા અલ્લાહ કેવી રીતે થઈ ગયા? કેમ કે અમને ઈમામે આઝમ (ઈમામ અબૂ હનીફા રહ.) થી એક વિશેષ સંબંધ છે તથા અમે ઈમામે આઝમનો ખુબ આદર કરીએ છીએ અમે આ ફતવો નથી આપી શકતા કે નમાઝ નથી થતી તે યુગમાં તમામ હદીસોનો સંકલન ન થયો હતો તથા આ ભેદ જે કે હવે ખુલ્યો છે પહેલા ન ખુલ્યો હતો એટલા માટે તે વિવશ હતા અને હવે આ સમસ્યાનો સમાધાન થઈ ગયો છે હવે જો ન પઢશો તો નિ:સંદેહ તેની નમાઝ કબૂલિયતના ધોરણે ન પહોચશે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે નમાઝો અમુક વાર જમા થઈ જાય છે, ઝોહર અસરની અને મગરિબ ઈશાની. બાદમાં આવનારને માલૂમ નથી હોતું. હઝરત ખલીફતુલ મસીહ સાની રઝી ફરમાવે છે કે મેં સ્વયં હઝરત મસીહ મૌઊદ[અ.સ.] થી સાંભળ્યું છે કે જો ઈમામ અસરની નમાઝ પઢાવી રહ્યો હોય અને એક એવો વ્યકિત મસ્જીદમાં આવી જાય જેણે હજુ ઝોહરની નમાઝ પઢવી હોય અથવા ઈશાની નમાઝ થઈ રહી હોય અને એક એવો વ્યકિત મસ્જીદમાં આવી જાય જેણે હજુ મગરિબની નમાઝ પઢવી હોય, તેણે પહેલા ઝોહરની નમાઝ અલગથી પઢે અને પછી ઈમામની સાથે સામેલ થઈ જાય અથવા મગરિબની નમાઝ અલગથી પઢે અને પછી ઈમામ સાથે સામેલ થઈ જાય.

નમાઝો જમા કરવાની અવસ્થામાં જો કોઈ બાદમાં મસ્જીદમાં આવે છે જ્યારે કે નમાઝ થઈ રહી હોય તો તેના વિષયમાં પણ હઝરત મસીહ મૌઊદ[અ.સ.] નો આ જ ફત્વો છે કે જો તેને માલૂમ થઈ જાય કે ઈમામ અસરની નમાઝ પઢાવી રહ્યો છે તો તે પહેલા ઝોહરની નમાઝ અલગથી પઢે અને પછી ઈમામ સાથે સામેલ થઈ જાય તેવી જ રીતે જો તેને માલૂમ થઈ જાય કે ઈમામ ઈશાની નમાઝ પઢાવી રહ્યો હોય તો તે પહેલા મગરિબની નમાઝ પઢે અને પછી ઈમામની સાથે સામેલ થાય પરંતુ જો તેને ખબર ન થઈ શકે કે આ કઈ નમાઝ પઢવામાં આવે છે તો તે જમાઅત સાથે સામેલ થઈ જાય. એવી અવસ્થામાં જે ઈમામની નમાઝ થશે તે જ નમાઝ તેની થઈ જશે, બાદમાં તે પોતાની પહેલી નમાઝ પઢી લે ઉદાહરણ તરીકે જો ઈશાની નમાઝ થઈ રહી હોય તથા એક એવો વ્યકિત મસ્જીદમાં આવી જાય જેણે હજુ મગરિબની નમાઝ પઢવી છે તો તેને જો માલૂમ થઈ જાય કે આ ઈશાની નમાઝ છે તો તે મગરિબની નમાઝ પહેલા અલગથી પઢે પછી ઈમામ સાથે સામેલ થઈ જાય પરંતુ જો તેને માલૂમ ન થાય કે આ કઈ નમાઝ થઈ રહી છે તો તે ઈમામ સાથે સામેલ થઈ જાય આ અવસ્થામાં કે તેની ઈશાની નમાઝ થઈ જાય, મગરિબની નમાઝ તે બાદમાં પઢી લે આજ નિર્દેશ અસરની નમાઝના સંબંધમાં છે.

શેખ યાકૂબ અલી સાહેબ ઈરફાની લખે છે કે હઝરત મસીહ મૌઉદ[અ.સ.] નો નિયમ આરંભથી આ જ હતો કે આપ સુન્નતો અને નફિલો ઘરમાં પઢતા હતા તથા ફર્ઝ નમાઝ જમાઅત સાથે મસ્જીદમાં પઢતા હતા આ નિયમ આપનો અંતિમ સમય સુધી રહ્યો. હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ રઝી એ એક વાર કુરઆન મજીદના પાઠ સમયે ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ[અ.સ.] ની આ આદત હતી કે આપ ફર્ઝ પઢયા પછી તરત જ ઘરની અંદર ચાલ્યા જતા હતા અને એવું અધિકતર હું પણ કરૂ છું આ દ્વારા કેટલાક નાદાન બાળકોને પણ સંભવત: આ આદત થઈ ગઈ છે કે તે ફર્ઝ પઢયા પછી તરત જ મસ્જીદથી ચાલ્યા જાય છે અને અમારો વિચાર છે કે તે સુન્નતોની અદાયગીથી વંચિત થઈ જાય છે તેમણે યાદ રાખવું જોઈએ કે હઝરત સાહેબ[અ.સ.] અંદર જઈને સૌથી પહેલા સુન્નતો પઢતા હતા, એવું હું પણ કરૂં છું.

આ વિષય પર સવાલ થયો કે ઈમામોને વ્યવસાયના રૂપમાં ધારણ કરવું જોઈએ કે નહી? જેમણે ઈમામતને વ્યવસાયના રૂપમાં ધારણ કર્યો છે તે પાંચ સમય જઈને નમાઝ નથી પઢતા બલ્કે એક દુકાન છે કે તે સમયે જઈને ખોલે છે તથા તે દુકાન દ્વારા તેનો અને તેમના પરિવાર જીવન વ્યાપન છે માટે આ ઈમામત નથી, આ તો ગંદ ખાવાનો એક અનુચિત

ઢંગ છે. ફરમાવ્યું મારી નજરમાં જે લોકો વ્યવસાયના રૂપમાં નમાઝ પઢાવે છે તેમની પાછળ નમાઝ પઢવું અનુચિત છે તે પોતાની જુમેરાતની રોટલીઓ અને વેતનના સ્વાર્થમાં નમાઝ પઢાવે છે જો ન મળે તો છોડી દે.

પછી જે હઝરત મસીહ મૌઉદ[અ.સ.] ને કાફીર કહેનાર છે તેમની પાછળ નમાઝ પઢવા બાબતે ફરમાવ્યું નસ્તિક કહેનાર અને ઝુઠલાવાનો માર્ગ ગ્રહણ કરનાર વિનાશપૂર્ણ કોંમ છે માટે તે આ યોગ્ય નથી કે મારી જમાઅતમાંથી કોઈ વ્યકિત તેમની પાછળ નમાઝ પઢે. શું જીવિત મૃત પાછળ નમાઝ પઢી શકે છે ? માટે યાદ રાખો જેવું કે ખુદાએ મનેં સૂચના આપી છે, તમારા પર હરામ છે તથા સંપૂર્ણ રીતે હરામ છે કે કોઈ ઈન્કાર કરનાર, ઝુઠલાવનાર અથવા વિમૂખ થનારની પાછળ નમાઝ પઢો બલ્કે ઈચ્છીએ કે તમારો તે જ ઈમામ હોય જે તમારામાંથી હોય. આ તરફ બુખારીની એક હદીસના એક પહલૂમાં ઈશારો છે કે ઈમામુકુમ મિન કુમ.

બે વ્યકિતઓએ બૈઅત કરી એક એ સવાલ કર્યો કે બિન અહેમદી પાછળ નમાઝ ઉચિત છે કે નહી? આ લોકો આપણને કાફીર કહે છે, જો આપણે કાફીર નથી તો તે વાત પાછી વળીને તેમના પર પડે છે મુસલમાનને કાફીર કહેનાર સ્વયં કાફીર છે. માટે એવો લોકોની પાછળ જાયઝ નથી. ફરમાવ્યું જે ચૂપ છે, જે કંઈ નથી કહેતા તે પણ તેમનામાં સામેલ છે, તેમની પાછળ પણ નમાઝ જાયઝ નથી કેમ કે તે પોતાના દિલની અંદર કોઈ વિરોધી ધર્મ રાખે છે જે પ્રત્યક્ષતા અમારી સાથે સામેલ નથી થતા, તમે જો તેમનામાં હળી મળીને રહે તો ખુદા તઆલા જે વિશેષ નજરે તમને જોવે છે તે ન જોશે પવિત્ર સમુદાય જ્યારે અલગ થાય તો પછી તેમાં પ્રગતિ થાય છે અલ્લાહ તઆલા અમોને વિશુદ્ધ થઈને આ જમાઅતનો વ્યકિત બનવાનો સામર્થ્ય આપે જે હઝરત મસીહ મૌઉદ[અ.સ.] અમારાથી ચાહે છે.

ખુત્બા જુમ્માના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું કે અલ જઝાઈરના અહેમદીઓ માટે દુઆ માટે કહેવા ચાહું છું આ નવી જમાઅત છે તેમાંથી અધિકતર લોકો નવમુબાઈન છે પરંતુ ખુબ મજબૂત ઈમાન વાળા છે અત્રે શાસન તરફથી ખુબ સખ્તાઈ દેખાડવામાં આવે છે અકારણ મુકદમા બનાવવામાં આવે છે કેટલાક લોકોને જેલમાં પણ મોકલી દીધા છે. આરોપ આ છે કે આ લોકો પણ દાઈશ જેવા છે નાઊઝુ બિલ્લાહ. જજ પણ અન્યાય કરે છે. એક અહેમદીથી જજે કહ્યુ કે જો તમે અહેમદીયતથી ઈન્કાર કરો તો હું હમણા જ તમને છોડી દઈશું તો તેણે કહ્યું કે હું મરી જઈશ પણ અહેમદયિત ન છોડીશ પોતાના ઈમાનને ન છોડીશ કેમ કે આ જ વાસ્તવિક ઈસ્લામ છે જે મને હવે માલૂમ થયું છે તે જજે કહ્યું કે તમે આ કીધું તો હું તને આખું જીવન જેલમાં રાખીશ અને તમે જેલમાં જ મરશો તેણે કહ્યું ઠીક છે જે આપે કરવું છે તે કરો તો આ પરિસ્થિતિઓ છે ત્યાં આજ કાલ.

હુઝુર અનવરે ફરમાવ્યું અલ્લાહ તઆલા અહેમદીઓ માટે આસાનીઓ પૈદા ફરમાવે અને તેમને મજબૂત સંકલપ પ્રદાન કરે અને વિરાધી તથા ઈસ્લામ તથા અહેમદીઓના દુશ્મન છે જે ષડયંત્ર કરી રહ્યા છે અલ્લાહ તઆલા તેમની યોજનાઓ તેમના પર પાછી ફેરે અને અલ્લાહ તઆલા પ્રત્યેક અહેમદીને આ અત્યાચારીઓથી પોતાની શરણમાં રાખે. આમીન

******

| Khulasa Khutba Jumma Huzoor Anwar 27 January 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To.........................................................................................................<br>.........................................................................................................<br>.........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |